# વ્યાજના ચક્કરમાં ફસાયેલા યુવકે લાખો રૂપિયા ચુકવ્યા

## યુવકે છ વ્યાજખોર અને વ્યાજના ચક્રમાં ફસાવનાર બે મિત્રો સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૯

શહેરમાં વ્યાજના વિષચક્રમાં ફસાઈને અનેક વ્યકિતએ પોતાના જીવ ખોવાનો વારો આવ્યો છે. ત્યારે શહેરના સેકટર-૩ ખાતે રહેતો યુવક વ્યાજના ખપ્પરમાં એવો તો ફસાયો કે એક પછી એક રૂપીયા લેવામાં વ્યાજખોરોએ તેની ચાર દુકાનો લખાવી લીધી હતી. માત્ર અઢીલાખ રૂપીયા વ્યાજે લઈને વ્યાજખોરોના કુંડાળામાં એવી રીતે ફસાયો કે યુવક ૧૫ દિવસ પહેલા ઘરેથી નીકળી ગયો હતો. જે મુદ્દે જાણવાજોગ ફરીયાદ નોંધાઈ હતી ત્યારે હવે સમગ્ર બનાવ અંગે યુવકની ફરીયાદને પગલે સેકટર-૭ પોલીસ મથકે ૮ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. વ્યાજખોરોના ત્રાસથી ગત તા.૨૫ ઓકટોબરના રોજ યુવક આપઘાત કરવા માટે ઘરેથી નીકળી ગયો હતો. પરંતુ કેનાલ પાસે પહોંચીને પત્નિ અને પુત્રનો ખ્યાલ આવતા તે જુનાગઢ જતો રહ્યો હતો. જુનાગઢ થી દિલ્હી જવા માટે તેણે વેરાવળ રહેતા માસીના દિકરાની મદદ માંગતા તેણે યુવકને સમજાવી ૬ નવેમ્બરના રોજ ગાંધીનગર પરત લઈને આવ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ સી પ્લોટ નં.૧૪૫૬-૨ ખાતે રહેતા ૩૬ વર્ષિય પાર્થ શશિકાંત ચુડાસમા પોતાના પરિવાર સાથે રહે છે. જેમાં માતા-પિતા અને પત્નિ અને દિકરો છે.જયારે શશિકાંત ચુડાસમા આંકડાશાસ્ત્રમાં ડાયરેકટર તરીકે ફરજ બજાવતા હતા અને વર્ષ ૨૦૧૫માં વય નિવૃત થયા છે. જયારે ફરીયાદી સરકારી તેમજ પ્રાઈવેટ કંપનીમાં લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરાવે છે. કેટલીક વખત સરકારી તેમજ ખાનગી કંપનીમાં પેમેન્ટ મોડુ થતા હોવા છતા કંપનીઓને લેબરોને સમયસર પગાર આપવો પડે છે. જેનો પગલે વર્ષ ૨૦૧૭ માં શ્રમિકોના પગાર માટે રૂપીયાની જરુર પડતા યુવકે સેકટર-૨૫ ખાતે રહેતા રાજુભાઈદેસાઈ પાસેથી માસિક ૨ ટકાના વ્યાજે રૂ.૨.૫૦ લાખ લીધા હતા. માત્ર ચાર માસના સમયગાળા માટે લીધેલા નાણા સામે ફરીયાદીએ સહી કરેલા કોરા ચેક આપ્યા હતા. જુલાઈ-૨૦૧૭માં તેઓ રૂ.૨.૭૦ લાખ લઈને આપવા જતા રાજુ દેસાઈએ ૭.૫૦ લાખની માંગણી કરી હતી. ત્યારબાદ રૂપીયા નહી આપે તો કોરો ચેક બેંકમાં નાંખવાની અને ગાંધીનગરમાં રહેવા નહી દેવાની ધમકી આપી કુડાસણ ખાતેની દુકાનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો.

રૂપીયા આપી દસ્તાવેજ લઈ જવાનું આરોપીએ કહ્યુ હતું.દોઢ વર્ષ પછી પાંચ લાખની સગવડ થતા ખુટતા રૂપીયા અંગે વાત કરતા વાવોલ કુબેરનગર ખાતે રહેતા પ્રભાત બળદેવસિંહ ઠાકોર અને સુરેશ શકરાભાઈ દરજી (રહે.વેરાઈ માતા મંદિર કોલવડા) એ નવઘણભાઈ ભરવાડ (રહે.સેકટર-૨૫) પાસેથી રૂ.૨ લાખ ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. જેમાં નવઘણે પણ બે કોરા ચેક પર સહી કરાવી હતી. ફરીયાદી રૂ.૭.૫૦ લાખ લઈને રાજુ દેસાઈને આપવા માટે જતા રાજુ દેસાઈએ રૂ.૧૨ લાખની માંગ કરી હતી. જેથી ફરીયાદી તે રૂપીયાની ગોઠવણમાં પડ્યો હતો. દોઢ માસ પછી નવઘણ ભરવાડે વ્યાજ અને પેનલ્ટી સાથે રૂ.૩.૫૦ લાખ માંગ્યા હતા. તેણે બે દિવસમાં રૂપીયા નહી મળે તો ચેક નાંખવાની ધમકી આપી હતી. જેથી ફરીયાદીના બે મિત્રો સુરેશ અને પ્રભાતે તેને કૌશલભાઈ ઉર્ફે ભોલીભાઈ જસાણી (રહે. ૧૩૮-૧ સે-૩ એ) પાસેથી રૂ.૪ લાખ ૧૦ ટકાના વ્યાજે અપાવ્યા હતા. તેમાં પણ બે કોરા ચેક યુવકે આપ્યા હતા. જેમાંથી યુવકે નવઘણને રૂ.૩.૫૦ લાખ અને સુરેશને જરુર હોવાથી રૂ.૫૦ હજાર આપ્યા હતા. જયારે ભોલીભાઈને રૂ.૪ લાખ આપવાના હોવાથી બંને મિત્રો એ સેકટર-૫ ખાતે રહેતો પ્રકાશ દેસાઈ પાસેથી ૧૦ લાખ અપાવ્યા હતા. જેની સામે યુવકે કુડાસણખાતે આવેલી દુકાનનું બાનાખત કરી આપ્યું હતું.

જેમાંથી ફરીયાદીએ રૂ.૪.૪૦ લાખ ભોલીભાઈને અને રૂ.૪ લાખ સુરેશને ઉછીના આપ્યા હતા. થોડા સમયમાં પ્રકાશ દેસાઈએ દુકાન રાખવી નથી તેમ કહીને રૂપીયા પરત માંગ્યા હતા. જેને પગલે સુરેશ દરજીએ ફરીયાદીને કુડાસણના રજનીકાંત અંબાલાલ પટેલ ( રહે.વૃદાવન બંગ્લોઝ) પાસેથી ૧૦ ટકાના ઉંચા વ્યાજે રૂ.૧૫ લાખ અપાવ્યા હતા.આ સમયે પણ સુરેશ જરુરીયાત હોવાથી રૂ.૫.૫૦ લાખ ઉછીના લીધા હતા. જેને પગલે ફરીયાદીએ સુરેશના ઓળખીતા વિપુલભાઈ વઢવાણીયા (રહે.સે-૩ ન્યું) પાસેથી રૂ.૬ લાખ ૧૦ ટકાના ઉંચા માસિક વ્યાજે લીધા હતા. ત્યારબાદ પ્રકાશ દેસાઈને રૂ.૧૦ લાખ પરત આપ્યા હતા.

● અનુસંધાન પાના ૭ પર

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આ ત્રિમાસિક ગાળામાં ટી.બી.ના કેસ શોધવાની કામગીરી સંતોષકારક રહી છે. આજે જિલ્લામાં ટી.બી. અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કરાયેલ ૪૦૦ જેટલા એન્ટીજન ટેસ્ટમાં ૮ કેસ કોરોના પોઝીટીવના મળ્યા હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બીજે દિવસે પણ સંક્રમિત થનાર દર્દીઓ અને ડિસ્ચાર્જ લેનાર દર્દીઓની સંખ્યા સમાન રહી છે.
- ગાંધીનગર શહેરમાં હજુ દિપાવલીનો લઈ ઘરાકી બજારોમાં જોવા મળતી નથી.
- ગાંધીનગર જિલ્લા ભાજપ સંગઠ્ઠનની સંરચના દિપાવલી પછી તેવી અટકળો વહેતી થઈ છે. આજે શહેર પ્રમુખના નામની જાહેરાત થઈ છે.

# આત્મનિર્ભર ગુજરાત સહાય લોન યોજના અંતર્ગત ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંકે ૩ કરોડનું ધિરાણ કર્યુ

### ગાંધીનગરમાં સૌપ્રથમ અમલ કરીને ૩૦૦ અરજદારોને ધિરાણ મંજૂર કર્યુ

ગાંધીનગર, તા. ૯

વિશ્વભરમાં કોહરામ મચાવનાર કોરોના વાયરસને પગલે લાગુ પાડવામાં આવેલા લોકડાઉનથી નાના વેપારીઓ દુકાનદારો અને લારી-ગલ્લાવાળાઓને તેમના વેપાર-ધંધા પર માઠી અસર પડવા પામી હતી. આ બાબતને અનુલક્ષીને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના મધ્યમ વર્ગના નાગરિકો, નાના વેપારીઓ, દુકાનદારો, લારી-ગલ્લાવાળાઓ વગેરે માટે 'આત્મનિર્ભર ગુજરાત સહાય લોન યોજના' અમલમાં મુકી હતી જેનો ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક દ્વારા શહેરમાં સૌથી પહેલા અમલ કરવામાં આવ્યો છે અને આ અંતર્ગત બેંક દ્વારા ૩૦૦ થી વધુ નાગરિકોને ૩ કરોડ કરતાં પણ વધુ રકમનું ધિરાણ આપવામાં આવ્યું છે.

રાજયભરમાં કોવિડ-૧૯ મહામારીની અસરને અટકાવવા ૨૦મી માર્ચથી તા. ૨૦મી જૂન દરમ્યાન લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતુ જેની માઠી અસરો સ્થાનિક વેપાર-ધંધા પર પડી હતી. આ લોકડાઉનમાં મધ્યમ વર્ગના વેપારીઓ-દુકાનદારો અને લારી-ગલ્લાવાળાઓની હાલત કફોડી થઈ રહી હોવાથી રાજય સરકાર દ્વારા આત્મનિર્ભર ગુજરાત સહાય લોન યોજના જાહેર કરવામાં આવી હતી જે અંતર્ગત આત્મનિર્ભર-૧ માં રૂ. ૧ લાખ સુધીની



અનસિકયોર્ડ લોન અને આત્મનિર્ભર-૨ અંતર્ગત રૂ. ૨.૫ લાખ સુધીની તારણવાળી લોન યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ લોન નાના વેપારીઓ, દુકાનદારો તથા લારી-ગલ્લાવાળાઓને આપવામાં આવી રહી છે અને જેનો શહેરમાં ગાંધીનગર અર્બન કો. ઓપરેટીવ બેંક દ્વારા પ્રથમ અમલ કરતા અત્યાર સુધીમાં ૩૦૦ અરજદારોને રૂ. ૩ કરોડથી વધુની લોનનું ધિરાણ આપવામાં આવ્યું છે. આ માટે જે અરજદારો બેંકના સભાસદ ના હોય તેમને સભ્યપદ બનાવીને પણ ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. આત્મનિર્ભર લોનમાં માત્ર ૮ ટકાના દરે ધિરાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં પણ ગુજરાત સરકાર દ્વારા આત્મનિર્ભર-૧માં ૬ ટકા અને આત્મનિર્ભર-૨ માં ૪ ટકાની સબસીડી આપવામાં આવી રહીછે જેના કારણે અરજદારોને આત્મનિર્ભર-૧ માં માત્ર ૨ ટકા વ્યાજ અને આત્મનિર્ભર-૨ માં માત્ર ૪ ટકા વ્યાજ જ ભોગવવાનું રહે છે.

આ યોજનાને અમલમાં મુકવા ચેરમેન કાલીદાસ વી. પટેલ, વાઈસ ચેરમેન પ્રકાશભાઈ પટેલ, મેનેજીગ ડિરેક્ટર પ્રહલાદભાઈ પટેલ સહિત ડિરેક્ટર્સ ડાહ્યાભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, નટવરલાલ પટેલ, ગણેશભાઈ પટેલ, ડાહ્યાભાઈ પરમાર, ભાવનાબેન પટેલ, ઉર્વીબેન પટેલ, ગીરીશચંદ્ર જાટકીયા, મનોજભાઈ લેકીનવાલા તથા જનરલ મેનેજર ગોવિંદભાઈ પટેલ અને બેંકના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. આ યોજનાના અમલ માટે જિલ્લા કલેક્ટર, જિલ્લા રજીસ્ટ્રાર તથા સહકાર ખાતાના અન્ય અધિકારીઓના માર્ગદર્શન માટે ચેરમેન કાલીદાસ વી. પટેલે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સાહેબ, કોરોનાનું ટેમ્પરેચર નથી આ તો મોઘાભાવનું શાકભાજી ખરીદીને બહાર આવ્યો છું તેમાં...!!

### લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર-લેખક સવાયા

# ગુજરાતી ફાધર વોલેસને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર-લેખક ફાધર વોલેસના દુ:ખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે.



મુખ્યમંત્રીએ શોકાંજલિ પાઠવતાં જણાવ્યું છે કે ફાધર વોલેસ જન્મે ગુજરાતી ન હોવા છતાં ગુજરાતી ભાષા સાહિત્યમાં પોતાની લેખની અને પુસ્તકો-નિબંધ-પ્રવાસ વર્ણન દ્વારા સવાયા ગુજરાતી તરીકે એક આગવી છાપ ઉપસાવી હતી. સદ્દગતના અવસાનથી ગુજરાતી સાહિત્ય-લેખન જગતને મોટી ખોટ પડી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ સ્વ. ફાધર વોલેસના આત્માની પરમશાંતિની પ્રાર્થના પણ કરી છે.

# ગાંધીનગરની જીડીસીપીએની ક્રિકેટ ટીમે આણંદ ખાતે એલિકોન સિનિયર લીગ ટૂર્નામેન્ટ જીતી

### ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ રાહુલ પટેલની સાનદાર સદી : જય પટેલને બેસ્ટ બોલરનો ખિતાબ : ફાઈનલમાં ઈસીએ-આણંદને પાંચ વિકેટે પરાસ્ત કરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશનની ટીમે આણંદ ખાતે યોજાયેલી એલિકોન સિનિયર લીગ ટૂર્નામેન્ટ જીતી લીધી છે. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં જીડીસીપીએ-ગાંધીનગરે એલિકોન ક્રિકેટ એકેડેમી આણંદને ૫ વિકેટે હાર આપી હતી. આ મેચમાં જીડીસીપીએના રાહુલ પટેલને મેન ઓફ ધ મેચ અને જય પટેલને બેસ્ટ બોલરના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. રાહુલ પટેલે આ મેચમાં શાનદાર શતક ફટકાર્યુ હતુ.

આણંદ ખાતે યોજાયેલી એલિકોન સિનિયર લીગ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં ઈસીએ-આણંદની ટીમે ટોસ જીતી પહેલા બેટીંગ કરતા ૫૦ ઓવર્સમાં પ્રિયંક પંચાલના ૮૧ રન અને ધર્મ ચંદોરાના અણનમ ૬૭ રનની મદદથી ૯ વિકેટે ૨૮૯ રન ખડકયાં હતા. જીડીસીપીએ ગાંધીનગર વતી જય પટેલે ઈસીએની ૫૦ રનમાં ૩ વિકેટ, સલીલ યાદવે ૬૯ રનમાં ૩ વિકેટ જ્યારે જયવીરસિંહ પરમારે ૭૪ રન આપીને ૨ વિકેટ ખેરવી હતી. ટૂર્નામેન્ટને જીતવા ૨૯૦ રનના લક્ષ્યાંકના જવાબમાં જીડીસીપીએની ટીમના રાહુલ પટેલની સદી સાથે ૧૦૨ રન અને ક્ષિતિજ પટેલના ૭૪ તથા આર્યદેવસિંહ વાઘેલાના ૪૨ રન સાથે ૪૮.૩ ઓવરમાં પાંચ વિકેટે મેચ જીતી લીધી હતી. ઈસીએ વતી નમન પટેલે ૪૬ રનમાં ૨ અને સમિત ગોહિલે ૨૯ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. મેચના અંતે જય પટેલને બેસ્ટ બોલર તથા રાહુલ પટેલને મેન ઓફ ધ મેચના ખિતાબથી સન્માનવામાં આવ્યા હતા જ્યારે કપ્તાન સલીલ યાદવે એલિકોન સિનિયર લીગ ટ્રોફી ટીમ વતી રીસીવ કરી હતી.



# પાટીલ રજતતુલામાં મળેલી ૧૦૧ કિલો ચાંદી દાન કરશે

સુરત, તા. ૯

ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલની ફરી સુરતમાં રજતતુલા યોજાઈ હતી. સુરતના જૈન સમાજ દ્વારા સી આર પાટીલને ચાંદીથી તોલીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.અને સમગ્ર જૈન સમાજ આ પ્રકારની રજતતુલાથી સન્માનિત કરવાની આ પ્રથમ ઘટના હતી. જેમાં સી.આર. પાટીલને ૧૦૧ કિલો ચાંદી સાથે તોલી તેમને અર્પણ કરાઈ હતી. જોકે બાદમાં સી આર પાટીલે આ તમામ ચાંદી આવનારા સમયમાં જુદી જુદી સામાજિક સંસ્થાઓને અર્પણ કરાવી જાહેરાત કરી હતી. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે સી આર પાટીલની નિયુક્તિ કરવામાં આવી ત્યારબાદથી આજ દિન સુધી બે વખત રજતતુલાથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેવો જ કાંઈક કાર્યક્રમ સુરતમાં પણ યોજાયો હતો. સુરતના જૈન સમાજ દ્વારા ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે સી આર પાટીલને નિમવામાં આવ્યા, જેથી તેમને ચાંદીથી તોલવામાં આવ્યા હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે સુરતના નેતાની પસંદગી સાથે સી આર પાટીલને પદ સોંપતા સમગ્ર દક્ષિણ ગુજરાતના જૈન સમાજ આનંદની લાગણી અનુભવી રહ્યો છે જેને લઈ તેમને સોપાયેલા આ પદના સન્માન માટે જૈન સમજ દ્વારા સી આર પાટીલની ચાંદી વડે તોલી રજતતુલા કરાઈ હતી.

જેમાં સી આર પાટીલને ૧૦૧ કિલો ચાંદી વડે તોલવામાં આવ્યા હતા. જોકે સી આર પાટીલનું વજન ૯૭ કિલો થયું હતું. પરંતુ સી આર પાટીલ રજતતુલા સન્માનના કન્વિનર રાજેશ શાહ દ્વારા ૧૦૧ કિલો ચાંદી અર્પણ કરાઈ હતી.



દિવાળી નજીક આવે એટલે સૌથી પહેલુ કામ ઘરની સાફ-સફાઈનુ થાય. માળીયાથી લઈ મેડા સુધીની સાફ-સફાઈ કરવામાં ગૃહિણી મંડી જ પડે. ભંગારવાળાઓનો વેપાર પણ આ ગાળામાં ખુબ વધી જાય છે. સાફ-સફાઈ દરમ્યાન નીકળેલી પસ્તી અને ભંગારથી ભંગારવાળાઓની લારીઓ છલોછલ ભરાઈ જાય છે.

# ગાંધીનગરની યુવતીએ ઘરે બનાવેલી હોમમેડ કેન્ડલ્સ લોકપ્રિય બની

### થોડું સંશોધન કરીને અલગ અલગ ૩-૪ પ્રકારના મીણના મિશ્રણ થકી છેક સુધી શેપ જળવાઈ રહે તેવી કેન્ડલ્સ બનાવી

ગાંધીનગર, તા.૯

હિન્દુ સંસ્કૃતિનો સૌથી મોટો અને લોકપ્રિય તહેવાર દિવાળી આવી પહોંચ્યો છે. દિવળી એટલે અંધકાર દૂર કરીને ઉજાસ ફેલાવતું પર્વ. દિવળી એટલે નિરાશા દૂર કરીને ઉલ્લાસ પ્રસરાવતું પર્વ. આ પર્વમાં દીપ પ્રગટાવવાનું ખૂબ મહત્વ છે અને પોતાના ઘર-મકાન-ઓફિસ કે દુકાનને દીપ જયોતિથી સુશોભિત કરવા મીણબત્તીઓનો ખુબ ઉપયોગ થાય છે. હવે તો ડિઝાઈનર કેન્ડલ્સનો જમાનો છે અને હેન્ડમેડ કેન્ડલ્સની બોલબાલા પણ વધી છે. આ સમયમાં ગાંધીનગરના રાંદેસણ ખાતે ઉર્જાનગર-૨માં રહેતી નમ્રતા ભાનુપ્રિય નામની યુવતી દ્વારા બનાવાયેલી હોમમેડ કેન્ડલ્સ સોશ્યલ મિડીયા થકી ખૂબ લોકપ્રિય થવા પામી છે.

હોમમેડ કેન્ડલ્સમાં સૌથી મોટી સમસ્યા એ રહેતી હોય છે કે તે બળવાનું શરૂ કરે એટલે થોડીવારમાં તેનો ડિઝાઈનર શેપ બગડી જતો હોય છે પરંતુ નમ્રતા ભાનુપ્રિયએ જણાવ્યું હતું કે તેણે આ બાબતે થોડું સંશોધન કરીને સામાન્ય મીણ સાથે બીજા બે ત્રણ અલગ પ્રકારના મીણ ભેળવી કેન્ડલ્સ બનાવી છે જે ૨ કલાક સુધી બળે છે અને ત્યાં સુધી તેનો શેપ પણ જળવાઈ રહે છે અને તેની મજબુતાઈ પણ જળવાઈ રહે છે. નમ્રતા દ્વારા જુદા જુદા ચાર આકારમાં અને દરેક આકાર ત્રણ કલરમાં બનાવવામાં આવે છે અને તેના શેપ્સને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યા છે. આ અંગે નમ્રતાએ કહ્યું હતું કે તેમના ભાઈ અલ્કેશ ભાનુપ્રિય જેઓ થ્રી ડી પ્રિન્ટીંગનો વ્યવસાય કરે છે તે ટેકનોલોજીની મદદથી કેન્ડલ્સને પરફેકટ શેપ આપે છે જેના કારણે તેમની કેન્ડલ્સ આકર્ષક તો બને છે પરંતુ તે સાથે મજબૂત પણ બને છે.



અત્યારે દિવાળીના સમયમાં નમ્રતા ભાનુપ્રિયની આ હોમમેડ કેન્લ્સ જેને તેમણે 'કેન્ડલ ડોટસ' નામ આપ્યું છે અને ફેસબુક પર ઈફદ્વઢઈઈ.ઉદ્ઘ ના બેનર તળે તેનું વેચાણ કરી રહ્યા છે. આ કેન્ડલ્સનું ૬ નંગનું પેકેટસ જેની એમઆરપી રૂ. ૧૮૦ છે પરંતુ તેઓ રૂ. ૧૨૦માં નહીં નફો નહીં નુકસાનના ધોરણે હોમ ડિલીવરી સાથે ગ્રાહકોને પહોંચાડી રહ્યા છે.

### ત્રણ આકર્ષક કલરમાં ચાર શેપ્સમાં બનાવે છે

નમ્રતા ભાનુપ્રિય દ્વારા બનાવાયેલી ઈફદ્વઢઈઈ હોમમેડ કેન્ડલ ડોટસ કુદરતી અને અત્યંત આકર્ષક રંગો જેમાં સનફલાવર, લાઈમગ્રીન અને આઈસ કલરનો સમાવેશ થાય છે તેવા ત્રણ કલરમાં ચાર શેપ્સમાં ઉપલબ્ધ છે. આ ચાર શેપ્સમાં ડ્રેગન, એગ, કોરલ, સ્પાઈરલ અને રેન્ડમ ગેલેકસીનો સમાવેશ થાય છે.



ગાંધીનગરની આસપાસ વન્ય વિસ્તાર ઘણો વધારે છે. વન્ય વિસ્તાર નજીક હોવાના કારણે અહીં વાંદરાઓની અવરજવર ખુબ જ હોય છે. ખોરાકની શોધમાં શહેરમાં આવી ચઢતા વાંદરાઓને અહી અવનવા બિસ્કીટનો સ્વાદ માણવા મળી જાય છે. શહેરના સેવાભાવી યુવાન ઉમેશભાઈ વાંદરાઓને નિયમિત રીતે બિસ્કીટ ખવડાવે છે. બિસ્કીટ ખવડાવતા ઉમેશભાઈની આસપાસ વાંદરાઓ અને કુતરાઓ એકદમ ડાહ્યા થઈને બેસી જાય છે અને અવનવા બિસ્કીટ ખાવાની મોજ માણે છે.

# ભાજપ જિલ્લા સંગઠનમાં ૯૦ ટકા ચહેરા બદલાયા

ગુજરાતની ૮ વિધાનસભાની પેટા ચૂંટણીના પરિણામ મંગળવારે આવી જશે. આ ચૂંટણી કોંગ્રેસ અને ભાજપ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન છે. કોરોનાને લીધે ચૂંટણી પરિણામો નિર્ધારિત સમય કરતા થોડા મોડા આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સવારે આઠ વાગ્યાથી મતોની ગણતરી શરી થઈ જશે અને તેના થોડા સમય બાદ ટ્રેન્ડ સામે આવવા લાગશે. જોકે, આ ચૂંટણીના પિરણામો આવે તેના કલાકો પહેલાં જ ભાજપે સંગઠનની જાહેરાત કરી દીધી છે. ભાજપના મોટાભાગના જિલ્લા પ્રમુખની જાહેરાત થઈ ગઈ છે. આ પહેલા આવી માહિતી સામે આવી રહી હતી કે ભાજપ મોડી સાંજ સુધી નામ જાહેર કરી શકે છે. જીલ્લા પ્રમુખ બાદ હવે આગામી દિવસોમાં પ્રદેશનુ માળખું પણ જાહેર કરાશે.

ભાજપ દ્વારા ૩૯ પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેરમાં રૂચિર ભટ્ટ, રાજકોટમાં કમલેશ મીરાણી, ભાવનગરમાં રાજીવ પંડ્યા, અને જામનગર શહેરમાં વિમલ કગથરાની નિમણૂક કરાઈ છે. આ સિવાય વિવિધ જિલ્લામાં પ્રમુખો નિમાયા છે. નો રિપીટ થીયરી અંતર્ગત પાટીલ દ્વારા ટીમ જાહેર કરાઈ છે. આ લિસ્ટમાં ૯૦ ટકા ચહેરાઓ બદલાયા છે. આ પ્રમુખોમાં અમદાવાદ જિલ્લો, સુરત શહેર જિલ્લો, વડોદરા શહેર જિલ્લો, રાજકોટ શહેર જિલ્લો, ભાવનગર શહેર જિલ્લો, જામનગર, જૂનાગઢ, વગેરે જેવા શહેરોની સાથે જિલ્લાનાં પ્રમુખો બદલામાં આવ્યા છે. જોકે, અંદાજે ૯૫ ટકા નવા પ્રમુખોનાં નામ જાહેર કરવામાં આવ્યા છે.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

નિવિદા નંબર : ૦૭, સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈડી નં. ૪૩૪૪૬૭ (બીજો પ્રયત્ન)

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ''Procurement of H2S Vials (Strip) bottles for WASMO & GWSSB Labs" અંદાજીત કિંમત રૂ. ૪૫.૦૦ લાખ માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૨૩/૧૧/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૨૫૨/૨૦-૨૧